

'આત્મા પરદ્રવ્યને જાણે છે'—એ વ્યવહારકથન છે;
'આત્મા પોતાને જાણે છે'—એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;
'જ્ઞાયક જ્ઞાયક જ છે'—એ નિશ્ચય છે.

*—શ્રી સમયસાર, ગાથા : ૩૫૬-૩૬૫*

કહાન સં. ૨૪ સં. ૨૦૬૧ [૭૩૩] * **આત્મધર્મ** * [અંક-૫ વર્ષ-૬૧] વીર સં. ૨૫૩૧ નવેમ્બર-૨૦૦૪

## દિવાળી : આત્મહિત—આરાધનાની પ્રેરણાનો

# મંગલ પ્રસંગ

અહો ! આજે દિવાળીનો દિવસ ! આસો વદ અમાસ...જ્યારે પાવાપુરીમાં વીરપ્રભુ મોક્ષપદ પામ્યા ને એ નિર્વાણ પ્રસંગે પોતાની ઉત્કૃષ્ટ આરાધનામાં જોડાઈને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા ! એક પ્રભુ પંચમગતિ પામ્યા તો બીજા પ્રભુ પંચમજ્ઞાન પામ્યા ! બન્નેનો મહાન ઉત્સવ થયો...એ હતો આજનો દિન ! અહો ! જ્યાં મોક્ષના ને કેવળજ્ઞાનના ઉત્સવ એક સાથે ઉજવાયાં હશે એ પ્રસંગ કેવો આનંદકારી હશે ? ને એ જોનાર - ઉજવનાર સૌ જીવોને કેવા મજાના શુદ્ધભાવો ઊછળતાં હશે !

વીરપ્રભુના મોક્ષગમન ટાણે ગૌતમસ્વામી કાંઈ પ્રભુવિરહનો વિકલ્પ કરવા ન બેઠા પણ જ્ઞાયકની અનુભૂતિમાં વધુ ઊંડા ઊતરીને આત્મસાધનામાં-મોક્ષસાધનામાં મગ્ન બન્યા ને કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ પરમાત્મા થયા ને તેમના શિષ્ય સુધર્મસ્વામી તે જ દિવસે શ્રુતકેવળી બન્યા.

ત્યાર પછી તીર્થંકરપ્રભુની એ કુળ-પરંપરા ચાલતી ચાલતી શ્રીગુરુઓ દ્વારા પરમોપકારી પૂજ્ય-ગુરુદેવશ્રી સુધી પહોંચી અને આપણે સૌ એ કુળ-પરંપરા પામીને કૃતાર્થ બન્યાં. કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે પ્રાપ્ત આ તીર્થંકર ભગવંતોના વીતરાગમાર્ગને ઉપાસીને આપણે સૌ પણ આપણા તીર્થંકર ભગવંતો અને ભાવિ ભગવંતોના સિદ્ધદેશમાં જઈને સદાકાળ તેમની સાથે રહીએ—એવી આજના વીર-નિર્વાણ-કલ્યાણકના-આત્મ-આરાધનાની પ્રેરણાના આ મંગલ-મહોત્સવ પ્રસંગે ભાવના ભાવીએ...

❀

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૧
અંક-૫
[૭૩૩]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૩૧
સં. ૨૦૬૧
November
A.D. 2004

# કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન પ્રસંગે

## ❀ ગુરુ-જ્ઞાન-સાગરનાં અણમૂલાં રત્નો ❀

❀ પ્રત્યેક પદાર્થની થવાવાળી ક્રિયા પોતાની કાળલબ્ધિથી થઈ છે, નિમિત્તથી થઈ નથી. પ્રત્યેક પરિણામ પોતાની ઉત્પત્તિના જન્મક્ષણથી ઉત્પન્ન થયા છે, નિમિત્તથી થયા નથી. અક્ષર લખાય છે તે કલમથી લખી શકાતા નથી. અક્ષરના પરમાણુની ક્રિયાનો કર્તા અક્ષરના પરમાણુ છે. સારી કલમથી સારા અક્ષર થાય કે લખનારની આવડતથી સારા મરોડદાર અક્ષર થાય તેમ નથી. અજ્ઞાની જગતને આવી વાત પાગલ જેવી લાગશે. પણ બાપુ! તારે જગતથી–સંસારથી છૂટવું છે ને?—તો વસ્તુસ્થિતિની મર્યાદાનો સ્વીકાર કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. દુનિયા ભલે પાગલ માને, 'લોક મૂકે પોક,' તારે દુનિયાનું શું કામ છે? દુનિયા દુનિયાનું જાણે, તું તારા આત્માનું હિત થાય તેમ કરી લે ને! આ તો આત્મહિત કરી લેવાની મોસમ પાકી છે. આવા ટાણાં ચૂકયે ફરી હાથ નહીં આવે. ભાઈ! બહારનું બધું તો એક–બે ચાર નહીં પણ અનંત–અનંતવાર કરી ચૂક્યો છો, તેમાં શું નવું છે?—ને કોઈ શું માનશે કે શું કહેશે એનું તારે શું કામ છે? બીજાને રાજી રાખવામાં કે રાજી કરવામાં તારો આત્મા દાઝી રહ્યો છે. પણ એની તેં કદી દરકાર ક્યાં કરી છે?—હવે તો જાગ! ભેદજ્ઞાનનો માર્ગ આચાર્યદેવે તારી સામે ખૂલ્લો કર્યો છે. અરે! તેં ભોગવેલાં દુઃખોનું પૂરું વર્ણન ભગવાનની વાણીથી પણ થઈ શકતું નથી એટલા તો તેં દુઃખ ભોગવ્યા છે, હવે એકવાર તો તારા આત્માની સામે જો! હવે તો પરથી ખસ, સ્વમાં વશ—આટલું બસ. ૧.

❀ એક વિચાર આવ્યો કે તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઈને રહેવું પડે, જન્મ લેવો પડે! આહાહા! ઈન્દ્રો જેની સેવા કરવા આવે એવા તીર્થંકરોની પણ આ સ્થિતિ! અરેરે સંસાર! આ શું છે?...વૈરાગ્ય....વૈરાગ્ય.... સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે! આહાહા! સંસારની છેલ્લી સ્થિતિની વાત છે. અરેરે પ્રભુ! આ સંસાર! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આંસુ હાલ્યા જાય! જન્મ લેવા જેવો નથી. તીર્થંકરગોત્ર કર્મને પણ ઝેરનું ઝાડ કહ્યું છે; અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઝેર છે, વિષકુંભ છે. તીર્થંકરના અવતારને ઝેરનું ફળ કહે એ તો તીર્થંકર કહી શકે. ઝેરના ફળમાંથી ઝેર ઝરે ને અમૃતના ફળમાંથી અમૃત ઝરે. આહાહા! તીર્થંકરની તો જાત જુદી છે છતાં તીર્થંકર જેવાની પણ આ સ્થિતિ છે! આહાહા! જન્મ લેવા જેવો નથી. ૨.

❀ અરે! આવી સત્યની વાત હતી જ ક્યાં? જેને આ સત્ય વાત સાંભળવા મળી છે તે ભાગ્યશાળી છે. સાંભળતાં સાંભળતાં સત્યના સંસ્કાર નાખે છે તેને સંસ્કાર નાખતાં અંદરથી માર્ગ થઈ જશે. દરરોજ ચાર પાંચ કલાક આનું આ સાંભળવું–વાંચવું હોય તેને શુભભાવ એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય, કોઈ જુગલિયા થાય, કોઈ મહાવિદેહમાં જાય. બાકી જેને સત્યનું સાંભળવાનું પણ નથી એવા ઘણા જીવો તો મરીને ઢોરમાં જવાના. અરે! આવા મનુષ્યના માંડ મોંઘા અવતાર મળે અને પોતાનું હિત નહિ કરે તો ક્યારે કરશે? ખરેખર તો સત્યનું ચાર પાંચ કલાક દરરોજ વાંચન-શ્રવણ આદિ હોવું જોઈએ. ભલેને વેપાર ધંધા કરતા હોય પણ આટલો તો વખત પોતાના માટે કાઢવો જોઈએ. અહીંના સાંભળનારા ઘણા તો રુચિથી આ સંસ્કાર ઊંડા નાખે છે. આવા સત્યના સંસ્કાર લાગી જાય અને ઊંડાણમાં એ સંસ્કાર પડી જાય એને ભવ ઝાઝા હોય નહિ. ધારણાજ્ઞાન થવું તે જુદી ચીજ છે અને અંદરમાં અવ્યક્ત રુચિ થવી તે જુદી વાત છે. ભેદજ્ઞાનના સંસ્કાર ઊંડાણથી નાખવા જોઈએ. એને આ વાતનો ઊંડાણથી મહિમા આવવો જોઈએ કે અહો! આ વાત કોઈ અપૂર્વ છે. એમ પોતાથી અંદરમાં મહિમા આવવો જોઈએ. સાચી રુચિવાળો આગળ વધતો જાય છે. ૩.

❀ એક વિચાર આવ્યો હતો કે સરકારી નોકરોને ૫૫-૫૬ વર્ષે નોકરીથી ઉતારી દે છે તો આ શેઠીયાઓને એવો કોઈ કાયદો નહિ હોય કે ૫૫-૫૬ વર્ષે

ધંધાથી છૂટા થઈને પોતાના આત્માનું કાંઈક હિત કરે ? આહાહા ! રોટલા ખૂટે એમ ન હોય, પાછળ પૈસાનો પાર ન હોય છતાં પણ નિવૃતિ લઈને પોતાના આત્માનું કાંઈ હિત કરતા નથી, તેને મરીને ક્યાં જવું છે ? અરે ! ૬૦-૭૦ વર્ષ સુધી નવરાં થતાં નથી તો મરીને ક્યાં જવું છે ? અરે ! મમતાના પરિણામમાં મરીને તિર્યંચ બકરી આદિના પેટે અવતાર થશે !

શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે મુમુક્ષુઓને આજીવિકા પૂરતું મળતું હોય તો વિશેષ પ્રવૃતિ ન કરવી; આ તો રોટલા મળતા હોય તો ય માથે પોટલા બાંધે ! અરેરે ! જવું છે કયાં ? જીવન થોડું ને આ શું કરો છો ભાઈ ! આવો મનુષ્યભવ મળ્યો છે ને આવા સત્ સમજવાના ટાણાં છે તો ચાર-છ-આઠ કલાક વાંચન–શ્રવણ–મનન સત્સમાગમ કરીને તારા આત્માનું કાંઈ હિત કરીને માનવ-ભવ સફળ કર. ૪.

❀ ત્રિકાળી વસ્તુસ્વભાવની સન્મુખ થઈને જે નિર્વિકલ્પ શાંતિની દશા પ્રગટી તે ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો ! આ મનુષ્યપણું મળ્યું છે તો મનુષ્યપણામાં શું કરવું ?—કે ચિદાનંદપ્રભુના ધ્યાનથી જે વીતરાગી સમાધિ પ્રગટી તે સાધકદશા પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે એવો જે પરમોત્કૃષ્ટ પરમાત્મા તે હું છું એમ નિર્ણય કરવો. અરે ! આ તો ભાગ્યશાળીને કાને પડે તેવી દુર્લભ વાત છે. જિંદગી ચાલી જાય છે, દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ નિશ્ચિત છે, કરવાનું આ છે, દેહમાં સુખ નથી, અનુકૂળ સંયોગોમાં સુખ નથી, દયા–દાન–વ્રત–ભક્તિમાં કે વ્યવહારરત્નત્રયમાં સુખ નથી; આનંદનો નાથ નિજ પરમાત્મતત્ત્વ તેની દૃષ્ટિ કરવી, તેનો મહિમા લાવીને સ્વીકાર કરવો તે કરવાનું છે. જ્ઞાનમાં—લક્ષમાં તો લે કે વસ્તુ આવી છે, પછી પ્રયોગ કર. ૫.

❀ ભાઈ ! આ મનુષ્યભવ અમૂલ્ય છે. તેનો એક સમય પણ કૌસ્તુભમણિ કરતાં પણ મહા મૂલ્યવાન છે. પોતાનું હિત કરવા આ અવતાર છે. આ ભવ, ભવનો અભાવ કરવા માટે છે. શરીરમાં રોગ આવે, ઈન્દ્રિયો હીણી પડી જાય, માંડ માંડ અક્ષરો દેખાય, બહુ ધ્યાન રાખે તો કાને માંડ સંભળાય—એ પહેલાં તું તારા આત્માનું કામ કરી લે ને પ્રભુ ! ભાવપ્રાભૃતમાં કહ્યું છે કે—

રે ! આક્રમે ન જરા, ગદાગ્નિ દહે ન તનકુટિ જ્યાં લગી,
બળ ઈન્દ્રિયોનું નવ ઘટે, કરી લે તું નિજહિત ત્યાં લગી.

જ્યાં સુધી ઘડપણ ઘેરી ન વળે, રોગરૂપી અગ્નિ કાયારૂપી ઝૂંપડીને બાળે નહિ, ઈન્દ્રિયો નબળી પડે નહિ, તે પહેલાં પ્રભુ! તું તારું હિત કરી લે. ગમે તેવા વિકટ પ્રસંગમાં તું તારું કામ કરી લે. વાયદા કરીશ તો પછી નહિ થાય. માટે ગમે તેમ કરીને તારા જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લે. સમજાણું કાંઈ? બહારના સંયોગમાં મોટા ફેરફાર થઈ જાય—ચારે બાજુએ આફતથી—દુઃખથી ઘેરાઈ ગયો હોય; અરે પ્રભુ! તું ક્યાં અટકી ગયો? એવા સમયમાં પણ તું તારા જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લેજે. આવો મનુષ્યભવ ફરી ફરી નહિ મળે. ૬.

❀ રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઈન્દ્ર ઉપરથી ઉતરે તોપણ રોગ થયા વિના રહેશે નહિ લે! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે! હવે તારે નજર ક્યાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે. ૭.

❀ આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે, ક્યાં શરીર ને ક્યાં આત્મા! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહાહા! આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહાભાગ્યે મળ્યો છે તેણે મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઈન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે, એવા સ્વભાવનો મહિમા આવે એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ. ૮.

❀ અહા! અત્યાર સુધીમાં જે સિદ્ધો થયા એથી અનંતગુણા જીવો નિગોદના એક એક શરીરમાં છે. એ જીવોમાંથી કેટલાંક તો સદાય એમાં જ રહેવાના છે. નિગોદમાંથી સંજ્ઞી-પંચેન્દ્રિય મનુષ્યપર્યાય મળવી અનંત અનંત દુર્લભ છે. તેમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનો યોગ મળવો મહા દુર્લભ છે. એટલે સુધી આવીને હવે એણે કરવા જેવું આ એક જ છે કે પોતાના ભગવાન આત્માને ઓળખી લેવો. બીજે ક્યાંય રોકાવા જેવું નથી. આ ટાણા ચૂક્યો તો ફરી આ અવસર નહિ મળે. અત્યારે તો "સબ અવસર આ ચુકા હૈ." ૯.

❀ હમણાં તો મોટર–ટ્રેઈન–પ્લેન આદિના અકસ્માતથી કેટલાય માણસો મરી ગયાનું સંભળાય છે. આંખ ખૂલે ને સ્વપ્ન ચાલ્યું જાય તેમ દેહ અને ભવ ક્ષણમાં

ચાલ્યો જાય છે. હાર્ટફેઈલ થતાં ક્ષણમાં નાની–નાની ઉંમરમાં ચાલ્યા જાય છે. અરે ! આ સં....સા.....ર ! નરકમાં અનાજનો દાણો ન મળે, પાણીનો બિંદુ ન મળે ને પ્રતિકૂળતાનો પાર નહિ એવી સ્થિતિમાં અનંતવાર ગયો પણ ત્યાંથી નીકળ્યો ત્યાં બધું ભૂલી ગયો. એનો જરા વિચાર કરે તો એ બધા દુઃખથી છૂટવાનો રસ્તો શોધે. અહા ! આવો માનવભવ મળ્યો છે અને આવું સત્ય સમજવાનો જોગ મળ્યો છે એમાં પોતાના આત્માનું હિત કરી લેવા જેવું છે. ૧૦.

❀ ભગવાન ! એક ક્ષણ પણ તને તારો વિચાર નથી ! તું એક ક્ષણમાત્ર પણ તારું સ્મરણ કરતો નથી ને ધંધાદિમાં કાળ ગુમાવી રહ્યો છે. મહા દુર્લભ એવો આ માનવ ભવ મળ્યો છે છતાં જો અત્યારે આર્ત્ત ને રૌદ્રધ્યાનમાં લીન રહ્યો થકો તારા આત્માની દરકાર કરતો નથી તો કયા ભવે તારા આત્માને સંસાર સમુદ્રમાંથી ઉગારીશ ? અનંત ભવ ટાળવા માટેનો આ ભવ છે, ભવના અભાવ માટેનો આ ભવ છે—એમ જાણીને હે જીવ ! તું તારા આત્માનું ચિંતવન કર. ૧૧.

❀ આહાહા ! આકરું કામ છે બાપુ ! અંદરમાં વૈરાગ્ય ! વૈરાગ્ય !...આ બધું વિખરાઈ જશે. બહારનું તારામાં નથી ને તારે લઈને આવ્યું નથી. તારામાં ભ્રમણા આવી છે, તેનો નાશ કરવાનો આ કાળ છે. ૧૨.

❀ અહો ! જુઓને ! દરેક ક્ષણે ઈ મૃત્યુની નજીક જઈ રહ્યો છે પણ જો ઈ આત્માની સન્મુખ નહીં જાય તો મૃત્યુના વખતે ઈ મુંઝાઈ જશે. ૧૩.

❀ ઘણાં લોકો સ્વર્ગનાં દેવની વાત સાંભળે ત્યાં આશ્ચર્ય પામે છે, પણ ભાઈ ! એ સ્વર્ગ કાંઈ આશ્ચર્યકારી વસ્તુ નથી. તું પોતે અનંતવાર ત્યાં જઈ આવ્યો છે. સ્વર્ગના અસંખ્ય અવતાર થાય ત્યારે મનુષ્યનો એક અવતાર થાય; બીજી રીતે કહીયે તો જીવોમાંથી અસંખ્ય જીવો જ્યારે સ્વર્ગમાં જાય ત્યારે માત્ર એક જીવ મનુષ્યમાં અવતરે. આવું મોંઘુ મનુષ્યપણું છે; ને દેવપણું તો તેના કરતાં અસંખ્યગણું સસ્તું છે. ૧૪.

❀ નરકની અસહ્ય વેદનામાં પણ અરેરે ! આ દુઃખો !—એમ વિચારે ચઢીને તે વેદનાનું લક્ષ છોડીને કોઈ જીવ કોઈ સમયે ધર્મસન્મુખ થઈ જાય છે. નરકની એ પીડાની તો શું વાત ! પારો જેમ ઢોળાય જાય ત્યારે નાના કણરૂપ થઈ જાય ને પાછો ભેગો થઈ જાય તેમ નરકના દુઃખોથી શરીરના નાના નાના ટુકડા થઈ જાય ને પાછું ભેગું થઈ જાય એવી મહા પીડા જીવ અનંતવાર સહન કરી ચૂક્યો છે.

છતાં અહીંયા આવે મનુષ્ય થાય ત્યાં બધું ભૂલી જાય ને આવી અનુકૂળતા વિના મારે ન ચાલે, આ જોવે ને તે જોવે—તેમાં ને તેમાં ભવ હારી જાય, પણ એને આત્માની દરકાર ક્યાં છે? ૧૫.

❀ મહામુનિઓને રાજા આદિનો સંગ થાય તે પણ મરણતુલ્ય લાગે છે. પુણ્યવંતમાં કાંઈક બધું સરખું રાખવું પડે...તેથી પુણ્યવંતોથી વૈરાગીઓને દૂર રહેવું સારું છે. ૧૬.

❀ અરેરે! જેના ઉપર જીવને અત્યંત પ્રેમ છે એવું આ શરીર ખરેખર કેવળ વેદનાની મૂર્તિ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ભાવપાહુડમાં કહે છે : એક તસુમાં ૯૬ રોગ તો આખા શરીરમાં કેટલા? વિચાર તો કર પ્રભુ!—આ શરીર તો જડ છે, વેદનાની મૂર્તિ છે. ભગવાન જ્ઞાયક આત્મા આનંદની મૂર્તિ છે. ૧૭.

❀ અરે! એને રૂદન પણ આવ્યા નહીં કે મને મારો વિરહ! ૧૮.

❀ અરે, પ્રભુ! તેં સચ્ચિદાનંદસ્વરૂપ નિજ જ્ઞાયકતત્ત્વની દૃષ્ટિ કદી કરી નથી, તેનો આશ્રય લીધો નથી અને 'પુણ્યભાવથી મારું કલ્યાણ થશે,' એમ તેનો આશ્રય કરીને મિથ્યાત્વભાવનું સેવન કર્યું. મિથ્યાત્વભાવના કારણે ૮૪ લાખ યોનિમાં અનંતવાર અવતાર લીધા. અહા! નરકનાં એ ભયંકર દુઃખ! ભગવાન એમ ફરમાવે છે કે—નરકગતિના એક ક્ષણનાં દુઃખ કરોડ જીભે ને કરોડ ભવે કહી શકાય નહિ; એ તો, તે જીવ પોતે તેને ભોગવે અને કેવળી તેને જાણે. નરકનાં એક ક્ષણનાં દુઃખ રત્નકરંડશ્રાવકાચાર (પં. સદાસુખદાસજીકૃત ટીકા) અને છ ઢાળામાં વર્ણવ્યાં છે. ભાઈ! તું ઉત્કૃષ્ટ ૩૩ સાગર ને જઘન્ય દસ હજાર વર્ષની તથા એક-એક સમય વધતાં વચ્ચેની અસંખ્ય પ્રકારની સ્થિતિએ નરકમાં અનંતવાર જન્મ્યો. એ દુઃખનું ભયાનક વેદન! અરે! તેનો વિચાર તેં ક્યારેય કર્યો નહિ. હવે તો તું, તે ભીષણ દુઃખનો અંત કરવા, એકવાર સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પ્રગટ કર. ૧૯.

❀ અરેરે! જીવ અનંત અનંત કાળથી ભટકે છે. આયુષ્ય પૂરું થતાં જીવ તો આ દેહ છોડીને ચાલ્યો જાય છે. ક્યાં ગયો તેની કોને ખબર છે? અજાણ્યા દ્રવ્યમાં, અજાણ્યા ક્ષેત્રમાં, અજાણ્યા કાળમાં અને અજાણ્યા ભવમાં તારે જવાનું છે તેની તને ખબર નથી બાપુ! મિથ્યાત્વનો ભાવ છે ત્યાં સુધી એક પછી એક જગ્યાએ જન્મ ધારણ કરવાના છે. અબજોપતિ મરીને બકરીની કૂંખે જાય, ભૂંડ થાય. દુનિયાને તેની

ક્યાં ખબર પડે છે બાપુ! તારી ચીજને ઓળખીને તેનું જો પરિણમન ન કર્યું તો સંસારનો રોગ દૂર નહિ થાય. ૨૦.

❀ કુંદકુંદાચાર્યદેવ અષ્ટપાહુડ ગ્રંથમાં કહે છે કે હે જીવ! તેં ભૂતકાળમાં એટલી માતાઓને તારા મૃત્યુ પાછળ રડાવી છે કે તારી એક એક ભવની એ માતાઓના આંસુઓને ભેગા કરતાં સમુદ્રો ભરાય. આવા અનંત ભૂતકાળ કરતાં પણ તારો ભવિષ્યકાળ અનંતગુણો મોટો છે, જો તારા આત્માની સંભાળ ન કરી અને દેહ, ધન, પરિવારમાં જ આ અમૂલ્ય મનુષ્યભવને વેડફી નાખીશ તો તારો ભવિષ્યકાળ પણ ભૂતકાળની માફક અનંત દુઃખમાં જ વ્યતીત થશે. કાળની આ અનંતતાનો ગંભીરતાથી વિચાર કરીને, ભૂતકાળના દુઃખોને યાદ કરીને, ભવિષ્યમાં તેવા દુઃખો ન ભોગવવા પડે તે માટે હવે તો જાગૃત થા! એકવાર તો તારા આત્માની દયા કર! ૨૧.

❀ શ્રોતા :—ભૂતકાળના દુઃખોને યાદ શું કામ કરવા?

પૂજ્ય ગુરુદેવ :—એવા દુઃખો ફરી ન આવે એ માટે યાદ કરી વૈરાગ્ય કરે છે. મુનિરાજ પણ ભૂતકાળના દુઃખોને યાદ કરીને કહે છે કે હું ભૂતકાળના દુઃખોને યાદ કરું છું ત્યાં કાળજામાં આયુધના ઘા વાગે છે. જુઓ! સમ્યગ્દષ્ટિ મુનિ છે, આનંદનું પ્રચુર વેદન છે, છતાં ભૂતકાળના દુઃખોને યાદ કરી એવા દુઃખો ફરીને ન આવે એ માટે વૈરાગ્ય વધારે છે. ૨૨.

❀ ઉંદર ફુંકી ફુંકીને પગ આદિ ખાય છે ને! ઉંદર ફુંક મારીને કરડે એટલે નિંદ્રામાં ખબર પડતી નથી. તેમ આ બૈરા-છોકરા આદિ વખાણ કરી કરીને ખાય છે એટલે મૂઢને ખબર પડતી નથી!

શ્રોતા :—આ તો બધાના ઘરમાં ઝગડા થાય તેવું છે!

પૂજ્ય ગુરુદેવ :—શાસ્ત્રકાર પણ કહે છે ને!—કે કુટુંબીજનો ધુતારાની ટોળી છે. ભાઈ! જેને સર્પનું ઝેર ચડ્યું હોય તેને કડવો લીમડો પણ મીઠો લાગે છે. તેમ સંસાર ઝેર સમાન હોવા છતાં મોહી જીવને તે મીઠો લાગે છે. તેથી તેને જિનવાણીનું અમૃતપાન કરાવી નિર્મોહી બનાવવા વસ્તુસ્થિતિની જેમ વાત છે તેમ કહેવાય છે. અહીં તો ભવનો અભાવ કરવાની ને પરભવ સુધારવાની વાતો છે. ૨૩.

❀ જે કુટુંબીઓ માટે તું હોંશે હોંશે કાળ ગુમાવી રહ્યો છે, જે કુટુંબીઓને

સગવડતા આપવા તું પૈસાદિમાં કાળ ગુમાવી રહ્યો છે તે જ કુટુંબીઓ તારા મરણ પછી શરીરને મકાનના બારસાખ સાથે અડવા પણ દેતા નથી, તો તું પર માટે આ ભવ કેમ વ્યર્થ ગુમાવી રહ્યો છે? અરે! તારે ક્યાં જવું છે? જેમ કોઈ મુસાફર ચાલ્યો જતો હોય અને રસ્તામાં જે કાંઈ આવે તેને મારું માની લે, તેમ તું મુસાફર છો અને આ સ્ત્રી-પુત્ર મારા, શરીર મારું એમ મારું મારું માની રહ્યો છો, પણ પ્રભુ! તારે અહીંથી ચાલી નીકળવાનું છે ને બાપુ! આ પરને મારા મારા કાં કહે છો? ૨૪.

❀ ભાઈ! બાપુ! આ ચોરાશીના અવતારમાં રખડતો રખડતો માંડમાંડ માણસનો ભવ મળ્યો, પણ બાવીશ ત્રેવીશ કલાક તો ખાવામાં પીવામાં કમાવવામાં ને બાયડી છોકરાને રાજી રાખવામાં એકલા પાપમાં જાય ને માંડ એકાદ કલાક કાંઈક સાંભળવામાં જાય. બાકી આખો દિવસ એકલા પાપ...પાપ....ને પાપના ધંધા કરે, જેમ એરણની ચોરી કરીને સોયનું દાન દે તેના જેવું છે. એને કાંઈક અંદરથી ચોરાશીના અવતારનો ત્રાસ લાગે તો અંદરમાં વિસામાનું સ્થાન શોધે. ૨૫.

❀ બાપુ! આત્મામાં આનંદ છે, બીજે ક્યાંય આનંદ છે નહીં. શુભભાવ કર્યા હોય તોપણ સ્વર્ગમાં આનંદ ક્યાંય છે નહીં. બહારની અગવડતા જરીક ઓછી થાય ત્યાં તો રાડે રાડ પાડે ને જરાક સગવડતા આવે ત્યાં તો ફુલી જાય પણ બાપુ! એમાં છે શું? સનેપાત થયો છે સનેપાત! ભાઈ સુખ તો આત્મામાં છે બાપુ! સમકિતીને શુભભાવના ફળમાં સ્વર્ગ મળે પણ તેમાં તે સુખ માનતો નથી. અજ્ઞાનીને તો હાય...હાય....શરીર સારાં હતા ત્યારે આ કર્યું નહીં ને તે કર્યું નહીં ને હવે....એમ ચિંતા ચિંતા કરીને મરીને હાલ્યો જાય નરકમાં ને નિગોદમાં....૨૬.

❀ અહીં તો પહેલાં એ વિચાર કે એની સત્તા છે–હયાતી છે તે ત્રિકાળી રહેવાની છે, તો તે અહીંથી દેહ છૂટતાં બીજે તો જવાનો જ છે. કેમ કે દેહ તો રહેવાનો નથી જ, બીજે જશે જ, તો ક્યાં જશે? એનો નિર્ણય એને કરવો પડશે ને! જો આત્માને ઓળખીને ભાન કરશે તો આત્મામાં રહેશે પણ જો ભાન નહિ કરે તો દેહમાં દૃષ્ટિ પડી છે તેથી ચાર ગતિમાં રખડશે ને દુઃખોને ભોગવશે. એને પોતાની ઉપર દયા કરીને પોતાની ઓળખાણ કરી લેવાના આ ટાણાં છે. ભાઈ! આવા ટાણાં ફરી ક્યારે મળશે? ૨૭.

❀ પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે ! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે ? એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ એને લાગવું જોઈએ. ૨૮.

❀ બિહારમાં એક લગ્ન-મંડપમાં વર-વધુ લગ્ન-વિધિમાં મંત્ર જપતા હતા ને એકદમ વરને હાર્ટફેઈલ થતાં દેહ છૂટી ગયો. આહાહા ! એ કુટુંબ ભેગું થયું હશે ને લગ્નનો કેટલો હરખ...હરખ...ચાલતો હશે ! ને ક્ષણમાં વરનો દેહ છૂટતાં હાહાકાર થઈ ગયો ! આહાહા ! ક્ષણભંગુર દેહનો શો ભરોંસો ?

શ્રોતા :–હજારો વરરાજાના લગ્ન થાય છે તેમાં આવો પ્રસંગ તો કોઈકને જ બને ને ?

પૂજ્ય ગુરુદેવ :–અરે ! આવા મરણપ્રસંગ અનંતવાર કર્યા છે. આવું મરણ બીજાને થયું છે તેમ ન સમજવું પણ આવા કુમરણો અનંતકાળમાં અનંતવાર પોતાને પણ થઈ ગયા છે એમ જાણીને ક્ષણભંગુર દેહનું શરણ છોડી પોતાનું શરણ લઈ મરણ આવ્યા પહેલાં પોતાનું હિત કરી લે. ભાઈ ! આવા ટાણા ફરી ક્યારે મળશે ? માટે તું તારું હિત કરી લે. ૨૯.

❀ અહો ! દેહ સંસાર અને ભોગથી ચેતતા રહેવા જેવું છે. ૩૦.

❀ એને કાળ થોડો છે અને કરવાનું કામ ઘણું છે. ૩૧.

❀ સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજુ જેને ઠેકાણાં નથી, મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ જેને ઠેકાણાં નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના તેને ઠેકાણાં હોય તેમ બને નહીં. ૩૨.

❀ ભાઈ ! તું શરીર સામું ન જો ! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે. ભાઈ ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે. ૩૩.

❀ અહો ! એકવાર દેહ છૂટવાના ટાણાંનો વિચાર તો કરે તો એને ખબર પડે કે અરે ! આ તે શું રમતું છે ! ઓલો (આત્મા) પરમેશ્વર અને સલવાણો આમાં (શરીરમાં) ! ! ૩૪.

❀ મનુષ્યપર્યાયની એક એક ક્ષણ મોટા કૌસ્તુભમણિથી પણ કિંમતી છે. આમાં ચોરાશીની ખાણમાંથી નીકળવાનું કરવાનું છે. એક ક્ષણ ક્રોડો અને અબજો

રૂપિયાથી પણ અધિક છે. ચક્રવર્તીના છ ખંડના રાજ્યથી પણ એક સમય થોડો મળે છે ? એમાં (–મનુષ્યપર્યાયમાં) આ એક જ કરવા લાયક છે. ૩૫.

❀ જેમ શકરકંદ અગ્નિમાં બફાય જાય છે તેમ આત્મા વિષયની વાસનામાં બફાય જાય છે પણ એનું એને ભાન નથી તેથી સુખ લાગે છે. ૩૬.

❀ ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે, એને ચૂકીશ નહિ. ૩૭.

❀ જેમ કોઈને એક વખત આકરી વેદના આવી ગઈ હોય અને ફરી તેવી વેદના થાય તેવું કોઈ ચિહ્ન ખ્યાલમાં આવતાં પણ કંપારી છૂટે ને ત્રાસ ત્રાસ થઈ જાય તેમ ચોરાશીના અવતારનાં દુઃખનું સ્મરણ કરતાં ત્રાસ ત્રાસ થઈ જાય. ૩૮.

❀ હે જીવ ! સ્ત્રી-પુત્ર આદિના કારણે તું જે હિંસા આદિ પાપ કરે છે તેનું ફળ તારે એકલાએ જ ભોગવવું પડશે, દુઃખફળ ભોગવવા સ્ત્રી-પુત્ર કે સગા-સંબંધી સાથે નહીં આવે. સ્ત્રી-પુત્ર, સગા-સંબંધી આદિના મમત્વથી તું હિંસા, જૂઠું આદિ અનેક પ્રકારના પાપ કરે છે તથા અંતરમાં રાગાદિ વિકલ્પ વડે રાગાદિ વિકલ્પ રહિત શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માની હિંસા કરે છે, પરંતુ તેના ફળમાં દુઃખ ભોગવવા ટાણે સ્ત્રી-પુત્ર આદિ તારા દુઃખમાં ભાગ પડાવવા નહીં આવે, તારે એકલાએ નરક-નિગોદ આદિના અનેક દુઃખો ભોગવવા પડશે. જેના કારણે તું પાપ કરી રહ્યો છે તેઓ તારા દુઃખ ભોગવવા તો સાથે નહીં આવે પણ તારા દુઃખ જોવા પણ સાથે નહીં આવે. ૩૯.

❀ આ આત્માને પરમાત્મા થવાની વાત અબજો રૂપિયા આપે તોપણ સાંભળવા મળે તેવી નથી. આ પરમાત્મતત્ત્વની વાત પૈસાની ચીજ જ નથી. આનું પૈસાથી મુલ્યાંકન થઈ શકે નહિ, બહારની ચીજથી મુલ્યાંકન થઈ શકે એવી આ ચીજ જ નથી. ૪૦.

❀ બીજાની સાથે લડવું, જીતવું ને બીજાને બિચારાને પાછા પાડવા એ તો કાયરનું કામ છે. આત્મામાં ઉતરવું એ શૂરવીરતા છે. ૪૧.

❀ (દિનપ્રતિદિન બનતાં દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યાં શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે

તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડૉકટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારો ભાવ પૂછનાર હશે?—તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે—એવી મોહની ભ્રમજાળમાં ગુંચવાઈને તારા આત્માને શા માટે ગુંગળાવી રહ્યો છે? ૪૨.

❀ કોઈને ફાંસીનો ઓર્ડર થયો હોય અને ફાંસી આપવાની રૂમમાં લઈ જાય અને પછી કેવો ધ્રુજવા માંડે! તેમ સંસારના દુઃખથી જેને ત્રાસ ત્રાસ થઈ ગયો હોય એને માટે આ વાત છે. ૪૩.

❀ નિગોદના જીવને એક શ્વાસમાં ૧૮ ભવ થાય. એક અંતર્મુહૂર્ત અંદર એટલે અડતાલીશ મિનિટ અંદર ૬૬૩૩૬ ભવ નિગોદના જીવ કરે છે—એમ ભગવાન સર્વજ્ઞે જોયું છે. આહાહા! એક અંતર્મુહૂર્ત અંદર ૬૬૩૩૬ ભવ કરે એ દુઃખ કેટલું? એ સાંભળતાં એને અંદરથી ઘા લાગવો જોઈએ. એવા દુઃખો તો અનંતકાળ ભોગવ્યા. અરે! નરકના દુઃખો પણ એટલા છે કે કરોડો જીભો વડે કરોડો વર્ષે પણ કહી શકાય નહિ એટલા દુઃખો તેં અનંતવાર ભોગવ્યા છે. ભાઈ! હવે મનુષ્યપણું મળ્યું છે તો એ દુઃખોથી છૂટવા, એવા દુઃખોથી રહિત એટલે કે તેના કારણભૂત શુભાશુભ ભાવથી રહિત, પરમાનંદસ્વરૂપ આત્મા છે તેની ઓળખાણ ને દૃષ્ટિ કર તો ભવના દુઃખોથી છૂટકારો થાય. ૪૪.

❀ ખરે ટાણે સમાધાન રાખવા જેવું છે, કયે ક્ષણે દેહ છૂટશે!—એનો ભરોંસો કરવા જેવો નથી. દેહ ક્ષણભંગુર છે, નાશવાન છે. ચામડાંથી વીંટેલો હાડકાનો માળો ક્ષણમાં રાખ થઈને ઊડી જશે. અરે! આખું ઘર એકસાથે નાશ થઈ જાય છે તેવા દાખલા સાંભળ્યા છે. એ ક્યાં અવિનાશી ચીજ છે! સહજાત્મસ્વરૂપ આત્મા એ જ અવિનાશી છે, જગત આખું અનાદિથી અશરણરૂપ છે, ભગવાન આત્મા એ જ શરણરૂપ છે. ૪૫.

❀ હે ભવ્યો! તમે એવું કામ કરો કે જેથી આત્મા પોતાની જ્ઞાનભૂમિકામાં આવી જાય. દેહ છૂટ્યાં પહેલાં આ પ્રયત્ન કરી લે. ઘર બળે ત્યારે કૂવો ખોદવા ન

બેસાય. માટે મરતાં પહેલાં આત્માનો યત્ન કરી લે. માનવદેહથી જ શિવપદ મળી શકે છે. દેવ, નારક, પશુગતિમાંથી શિવપદ નહિ મળે, માટે આ અમૂલ્ય અવસર ખોવા જેવો નથી. ૪૬.

❀ અંદર ચૈતન્ય જ્ઞાયકદેવનો અભિપ્રાયમાં આશ્રય જેને થયો છે એવા જ્ઞાનીને અથવા તો સ્વભાવનો આશ્રય જેને પ્રાપ્ત કરવો છે એવા સાચા આત્માર્થીને સ્વભાવ સમજવામાં નિમિત્ત એવા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાનો શુભરાગ આવે; પૂજા-ભક્તિ તથા વ્રતાદિ વ્યવહારનયનો વિષય છે તો ખરો, નથી જ એમ નથી, પણ તે ભાવ રાગ છે, સંસાર છે, તેનો આશ્રય કરવા લાયક નથી, તે ઉપાદેય નથી, હિતકર નથી, હેય છે. અરેરે ! ક્યારે આ તત્ત્વ સાંભળવા મળે ? મનુષ્યભવ તો ચાલ્યો જાય છે, આયુષ્ય ક્યારે પૂરું થઈ જશે તેની કોને ખબર છે ? ૪૭.

❀ પરની મમતાના ભાવ પણ હજુ જેને પડ્યા છે અને નિર્વિકલ્પ થવા જાય ઈ નિર્વિકલ્પ નહીં થઈ શકે. હજી તો નીતિ આદિના પરિણામ પણ નથી અને નિર્વિકલ્પ થવા જાય તો ઈ નિર્વિકલ્પ નહીં થઈ શકે. આ વાત મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પણ કહી છે. લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણા ન હોય અને એને ધર્મ થઈ જાય ઈ ત્રણકાળમાં ન બને. અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભાવ છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે.

એક દીવાન રાજના કામ માટે રાતના રાજની મીણબત્તી બાળી કામ કરતો હતો અને જ્યાં પોતાનું કામ કરવાનો વારો આવે ત્યાં તે રાજની મીણબત્તી ઠારી પોતાના ઘરની મીણબત્તી કરે, પોતાના ઘરના માટે રાજની મીણબત્તી ન વપરાય. (આવું તો પહેલાં નીતિમય જીવન હોય.) ૪૮.

❀ એકનો એક જુવાન દીકરો મરી જાય અને એને કેવો ઘા લાગી જાય છે ? એમ એને ઘા લાગવો જોઈએ. રાગ અને સંયોગની આડમાં તું પોતે મરી જાય છે એનો તને ઘા લાગે છે કાંઈ ? ૪૯.

❀ અરે પ્રભુ ! તારું કદી મરણ જ થતું નથી ને કેમ ડરે છે ? અતીન્દ્રિય આનંદમાં જા ! પ્રભુ ! તારે શરીર જ નથી ને રોગથી કેમ ડરે છે ? જન્મ જરા ને રોગ રહિત ભગવાન આત્મા છે ત્યાં જા !—એમ જિનવર, જિનવાણી અને ગુરુ કહે છે. તું જન્મ, જરા, મરણ રહિત પ્રભુ છો ત્યાં દૃષ્ટિ દે ! તારે જન્મ, જરા, મરણ

રહિત થવું હોય તો જન્મ, જરા, મરણ રહિત ભગવાન અંદર બિરાજે છે ત્યાં જા! ત્યાં દૃષ્ટિ દઈને ઠર! ૫૦.

❀ (ગુરુદેવ પરમ વાત્સલ્યભરી પ્રેરણાથી કહે છે કે) હે ભાઈ! અત્યારે આત્મજ્ઞાન માટેનો આ અવસર છે. તું આ વાત લક્ષમાં તો લે. માંડ આવા ટાણાં મળ્યા છે તેમાં કરવાનું તો આ એક જ છે. અંદરમાં જરા ધીરો થઈ, બહારના કાર્યોનો રસ છોડી, વિચાર કર તો તને જણાશે કે આત્માનો સ્વભાવ અને રાગ બન્ને એક થઈને રહેવા યોગ્ય નથી પણ જુદા પડવા યોગ્ય છે. ભાઈ! સમય સમય કરતાં કાળ તો ચાલ્યો જ જાય છે, તેમાં જો તું સ્વભાવ સન્મુખ ન થયો તો તેં શું કર્યું? ગમે તેટલા પ્રયત્ન વડે પણ વિકારથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કરવો—તે જ કરવાનું છે. ૫૧.

❀ ચોમાસામાં આ લીલફૂગના ગોદડાં (–થર) દેખીએ છીએ ત્યાં એમ થાય છે કે અરે! આ લીલફૂગની એક ઝીણી કટકીમાં અસંખ્ય શરીરો છે અને એક શરીરમાં અનંતા જીવો છે, એના અનંતમાં ભાગે જીવ બહાર નીકળી મોક્ષ જાય છે. બે ઇન્દ્રિય, ત્રે ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય અને પંચેન્દ્રિય મનુષ્ય, ઢોર, નારકી ને દેવ એ ચાર ગતિના જીવો તો માત્ર અસંખ્યાતા જ છે. તેના કરતાં અનંતા જીવો નિગોદની એક કટકીમાં છે. અરેરે! એ જીવો ક્યારે નિગોદમાંથી બહાર નીકળે? અને કયારે મનુષ્ય થાય? અને કયારે આ સત્‌નું શ્રવણ કરે! ભાઈ! આ મનુષ્યભવ ને દુર્લભ સત્‌સમાગમ મળ્યો છે તો તારા આત્માને ચારગતિના દુઃખથી છોડાવી લે. ૫૨.

❀ અહો! ૮૦ વર્ષની આયુવાળો ૨૦ વર્ષથી માંડી ૬૦ વર્ષ સુધી તે ભવની ચિંતા કરે છે, પરંતુ ૮૦ વર્ષ પછીનો જે સમય તેની જરીયે ચિંતા ન કરે એ તે કેવી ધીઠાઈ! ૮૦ વર્ષ પછીનો જે પહેલો સમય તે આખોય ભવ પણ એ જ આત્માનો છે. કાંઈ બીજા આત્માનો એ ભવ નથી. તડકા-છાયા વચ્ચે આંતરું નથી. તેમ બે ભવ વચ્ચે આંતરું નથી માટે બીજા ભવની તો ચિંતા કર! ૫૩.

❀ જેમ આકાશમાં અગ્નિના ભડકા બળતાં હોય છતાં આકાશને તેની સાથે કાંઈ સંબંધ નથી, તેમ શરીરમાં ગમે તેવા ગુમડા થાય–ગમે તેવી અવસ્થા થાય તોપણ આકાશ સમાન આત્માને તેની સાથે કાંઈ સંબંધ નથી. ૫૪.

❀ આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે.

પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા–તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટી જીભથી કોટી વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહિ એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. ૫૫.

❀ આત્માના અજ્ઞાનથી ચાર ગતિમાં ભમતાં જીવે સૌથી વધુ ભવ એકેન્દ્રિયાદિ તિર્યંચગતિના કર્યાં છે; તે ઉપરાંત મનુષ્ય, નરક, અને સ્વર્ગના અવતાર પણ અનંતવાર કર્યાં છે. તેમાંય મનુષ્ય કરતાં નરકનાં ને નરક કરતાંય સ્વર્ગના અવતાર અસંખ્યગુણાં કર્યાં છે. સરેરાશ અસંખ્ય અવતાર સ્વર્ગના ને નરકનાં કરે ત્યારે એક અવતાર મનુષ્યનો મળે; આવી મનુષ્ય અવતારની દુર્લભતા છે, ને આવા દુર્લભ મનુષ્ય અવતારમાં પણ જૈનધર્મનો વીતરાગી ઉપદેશ સાંભળવા મળવો બહુ દુર્લભ છે. આવો દુર્લભ અવતાર અને વીતરાગી જૈનધર્મનો ઉપદેશ તને અત્યારે મહાભાગ્યે મળ્યો છે, તો હવે તું શીઘ્ર જાગ, ચેતીને સાવધાન થા ને આત્માની ઓળખાણ વડે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને ભવદુઃખનો અંત કર. ૫૬.

❀ ...વરસ વરસ...બબ્બે વરસ સુધી રોગ લંબાય, શરીરમાં ભાઠા પડે, ઈયળ પડે, સહ્યું ન જાય, શરીર છૂટે નહિ, અને એને છોડે નહિ. (આ એનાથી છૂટો અંદરમાં પડે નહિ, ભેદજ્ઞાન કરે નહિ.) હેરાન-હેરાન થઈ જાય. અરે, એને થવું હોય એમ ભલેને થાય. તું એનાથી છૂટો પડીને જોયા કરને! ૫૭.

❀ મુનિઓ કહે છે કે અરે પ્રભુ! અમને આશ્ચર્ય અને ખેદ થાય છે કે શરીરાદિ પરદ્રવ્યથી તું પ્રત્યક્ષ ભિન્ન છો છતાં તેને મારું માને છો. અરે! શું કરે છો પ્રભુ! ચોરાશીના અવતારમાં રખડતાં માંડ મનુષ્યપણું મળ્યું ને આવો સત્ય

સાંભળવાનો યોગ મળ્યો, હવે તો દેહથી ભિન્ન ચૈતન્યપ્રભુનો અનુભવ કર ! ૫૮.

❀ નરકમાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળના આયુષ્ય કેમ પૂરાં થયાં હશે ? પ્રભુ ! ભવભ્રમણાના અભાવનો તેં કદી પ્રયત્ન કર્યો નહીં તેથી એવા અસહ્ય દુઃખો તેં સાગરોપમ સુધી અનંતવાર ભોગવ્યાં. નરકનાં દુઃખો કરોડો જીભે ને કરોડો ભવમાં ન કહી શકાય એવા દુઃખો તેં સહન કર્યાં. પ્રભુ ! જે દુઃખો સાંભળ્યા જાય નહીં ત્યાં અનંત અનંત કાળ ગાળ્યો. અનંતકાળે એકવાર મનુષ્યભવ મળે તોપણ અનંતવાર મનુષ્યભવ મળ્યો ને તેના કરતાં અસંખ્યગુણા અનંતા નરકનાં ભવ તેં કર્યાં, ત્યાં અસહ્ય દુઃખો તેં સહન કર્યાં, તેનો ગંભીરતાથી વિચાર તો કર બાપુ ! ૫૯.

❀ આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે ? જો આ ભવ વ્યર્થ ગુમાવ્યો તો ફરી આવો ઉત્તમ યોગ ક્યારે મળશે ? તું વિપરીત માન્યતા છોડવા માટે મરણિયો પ્રયત્ન કર. મરીને પણ તું પ્રયત્ન કર એટલે કે ગમે તેવા પ્રસંગો હોય મિથ્યાત્વ છોડવાનો ઉગ્ર પ્રયત્ન કર. શાતા–અશાતામાં તું રોકાઈ ગયો પણ એ તો તારાથી ભિન્ન છે. હમણાં અનુકૂળતા નથી માટે પછી પ્રયત્ન કરીશ–એમ તું અટકી ગયો પણ શાતા–અશાતાથી તો તું ભિન્ન છો. શરીરમાં રોગ–નિરોગ હો પણ તે તો તારાથી ભિન્ન છે. અરે ! શુભાશુભ ભાવોથી પણ તું ભિન્ન છો. શુભાશુભ ભાવો તો આકુળતામય છે. ભગવાનની ભક્તિ–પૂજા–સ્મરણ કે શાસ્ત્રરચના–વંદના એ બધાં શુભભાવો તો આકુળતામય છે, પ્રભુ તો તેનાથી ભિન્ન નિરાકુળ જ્ઞાયકપ્રભુ છે. ૬૦.

❀ અરેરે ! આ દેહ છૂટી જશે ભાઈ ! ઉતારા ક્યાં કરીશ ? અંદર તારી જ્ઞાયકચીજની દૃષ્ટિ ન કરી ને રાગના પ્રેમમાં રોકાઈ ગયો તો ચોરાશીના અવતારમાં રખડીશ; કેમ કે આત્મા તો અનંત કાળ રહેવાવાળો છે. આ દેહ તો છૂટશે ને ? પછી ક્યાં રહીશ ? જેને રાગનો રસ છે તે તો મિથ્યાત્વમાં—પરિભ્રમણમાં રહેશે અને જેને આત્માનો રસ છે તે સાદિ-અનંતકાળ આત્મામાં—સુખમાં રહેશે. ૬૧.

❀ જ્ઞાનમાં આમ નક્કી તો કર ! વસ્તુનું સ્વરૂપ આવું છે એમ જ્ઞાનમાં નિર્ણયને અવકાશ તો દે ભાઈ ! અરે, એને મરીને કયાં જવું છે ! દરેક યોનિમાં અનંતા ભવો ગાળ્યા; હવે તો પરથી લક્ષ ફેરવીને આત્મામાં ડૂબકી માર ! તું તારા ઘરમાં જાને ! એ બધા શુભ-વિકલ્પો હોય, પણ એ તારા ઘરની ચીજ નથી, ભગવાન !

તું તો દેહની પીડા ને રાગની પીડા—બંનેથી ભિન્ન છો, તે દેહના રોગનો તને જે અણગમો લાગે છે તે તો દ્વેષ છે—એ એકેય ચીજ તારા ઘરમાં નથી. ૬૨.

❀ ભાઈ! અમે તો આત્મા છીએ અને આત્મા તો એક સમયની પર્યાયની સમીપમાં પર્યાયથી ભિન્ન, શુભાશુભ રાગથી ભિન્ન, શરીર-વાણી-લક્ષ્મી તથા નામથી પણ ભિન્ન અંદર પાતાળમાં પડેલી જ્ઞાયક વસ્તુ છે. આત્મવસ્તુ પોતાનું ધ્રુવ પરિપૂર્ણ સામર્થ્ય રાખીને સદા રહી છે, તે કાંઈ આખી એક સમયની પર્યાયમાં આવી ગઈ નથી. અરેરે! તત્ત્વની આવી વાત જીવને ક્યાંય સાંભળવા ય ન મળે! જીવન ચાલ્યું જાય છે, મોતનાં નગારાં માથે વાગે છે. એક સમય એવો આવશે કે તારું આ રૂપાળું શરીર ધૂળ–રાખ થઈ જશે.

જિમ તેતર ઉપર બાજ, મચ્છ પર બગલો રે;
તારી કંચનવરણી કાય, ઢળી થશે ઢગલો રે.

પહેલાં ચેતવણી આપીને મોત નહિ આવે કે—'હું આવું છું, તૈયારી કર.' શું મોત એવું કહીને આવે છે? દેહ જડ છે, સંયોગી છે, તે તો તેની મુદ્દત પૂરી થતાં છૂટો પડી જ જશે. ૬૩.

❀ ભગવાન એકવાર સાંભળ! તું આ સ્ત્રી-પુરુષ આદિ બધા ભેદો ભૂલી જા ને અનાદિથી જેને ભૂલી ગયો છે એવા જ્ઞાન-દર્શન સ્વરૂપની દૃષ્ટિ કર. અનાદિથી તું તને ભૂલી ગયો હોવાથી રાગાદિ અશુદ્ધ ઉપયોગથી કર્મને બાંધે છે. તેથી અશુદ્ધ ઉપયોગ અનાદિનો છે, તેનું નિમિત્ત કર્મ અનાદિનું છે અને જેને અનાદિથી ભૂલી ગયો છે એવી ત્રિકાળી એકરૂપ વસ્તુ પણ અનાદિની છે. ભાઈ! આ મનુષ્યપણું મળ્યું છે, ભવના અભાવના આ ટાણાં આવ્યા છે, દુનિયાના માન ને આબરૂમાં આ ભવ હાલ્યો જાય એ તને કેમ પોષાય છે? જાગ રે જાગ બાપુ, હવે તો જાગ! ૬૪.

❀ દુનિયા મારા માટે શું માનશે? આ માણસ સાવ નમાલો છે, કાંઈ બોલતાં ય આવડતું નથી, અંદર ને અંદરમાં પડ્યો રહે છે—એમ લોકો ગમે તે બોલે, તેની તને શી પડી છે? લોકો મને પ્રશંસે, લોકોમાં હું બહાર આવું—એવી બુદ્ધિવાળો જીવ તો બહિરાત્મા—મિથ્યાદૃષ્ટિ છે. માટે લોકોનો ભય ત્યાગી દે, ઢીલાશ છોડી દે અને અંતર્મુખ સ્વભાવનો દૃઢ પુરુષાર્થ કર. ૬૫.

❀ અહા! જેણે દ્રવ્યસ્વભાવનું અવલંબન લઈને અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ

કર્યું નથી તેને દેહના છૂટવા કાળે અરે! શરણ ક્યાં? અરે! દેહમાં રગેરગ તણાશે, સબાકા મારશે, રજકણે રજકણ પલટી જશે, તે વખતે જ્ઞાયક ભગવાન આત્મા જે શરણ છે તેની દૃષ્ટિ નહિ હોય તો એ જાશે ક્યાં? એ દુઃખમાં ભીંસાઈ જશે. ભાઈ! ત્યાં પોતાના આત્મા સિવાય બીજું કોઈ શરણ નથી. ૬૬.

❀ શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે, એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ? કોણ તારું ઓળખીતું હશે? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહિ ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે માટે તારું કાંઈક કરી લે! શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઇન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેજે. ૬૭.

❀ જ્ઞાનના નિર્મળ કિરણ વિના મહાવ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે, અરે! આજીવન સ્ત્રીનો સંગ ન કરે તોપણ તેનાથી આત્મા પ્રાપ્ત નથી થતો. તેથી જો તું દુઃખથી છૂટવા માગતો હો તો પુણ્ય–પાપની રુચિ છોડીને આત્મજ્ઞાન કર. આત્મા આનંદનો નાથ છે તેનું જ્ઞાન કર! એના વિના અરેરે! કીડા-કાગડા-કૂતરાના ભવ કરી કરીને મરી ગયો! અનંતકાળ એમ ને એમ દુઃખમાં જ વીતી ગયો. પ્રભુ! તેં એટલા દુઃખ ભોગવ્યા છે કે તેનું કોઈ માપ–મર્યાદા નથી. પણ તું બધું ભૂલી ગયો છો. ભાઈ! ડુંગળીને તેલમાં તળી ત્યારે સડસડાટ તું તળાઈ ગયો હતો–તું ડુંગળીમાં બેઠો હતો. એવા એવા તો પારાવાર દુઃખો તેં ભોગવ્યાં છે. ૮૪ લાખ અવતારની ઘાણીમાં તું અનંતવાર પીલાતો આવ્યો છો. જેમ ઘાણીમાં તલ પીલાય તેમ ૮૪ લાખ યોનિના દુઃખોમાં પીલાતો રહ્યો છો. આનંદના નાથને પુણ્ય-પાપની ઘાણીમાં કચરી નાખ્યો છે. જો હવે તું દુઃખથી છૂટવા માગતો હો, સિદ્ધસુખના હિલોળે હિંચકવા માગતો હો તો આત્મજ્ઞાન કરીને નિજપદને પ્રાપ્ત કર. ૬૮.

❀ અહા! આવું દુર્લભ મનુષ્યપણું મળ્યું, જૈનકુળમાં જન્મ થયો, વીતરાગની વાણી સાંભળવા મળી; પ્રભુ! હવે તો તારે આત્મા માટે કાંઈ કરવું તો પડશે ને? બાકી તો જન્મમરણના ફેરામાં, અનંતવાર એક શ્વાસમાં નિગોદના અઢાર ભવ કર્યા.

વિચાર કરે તો ખબર પડે. છ ઢાળામાં કહ્યું છે : 'એક શ્વાસમેં અઠદસ બાર, જન્મ્યો, મર્યો, ભર્યો દુઃખભાર;' પ્રભુ ! એ બધું તું ભૂલી ગયો. ભૂલી ગયો માટે તે નથી—એમ કેમ કહેવાય ? અરે ! આ મનુષ્યભવમાં જન્મ્યા પછી પ્રથમના છ મહિનામાં તારી માએ તને ધવરાવ્યો, નવરાવ્યો–એ બધું તને યાદ છે ? યાદ નથી માટે તે નહોતું—એમ કેમ કહેવાય ? બાળપણમાં તેં કેવી રીતે ખાધું–પીધું કેવી રીતે રોયો—એ બધું યાદ છે ? યાદ નથી માટે તે નહોતું એમ કોણ કહે ? એ પ્રમાણે પૂર્વભવનું યાદ નથી માટે પૂર્વમાં આવું દુઃખ સહન કર્યું તે ન હતું—એમ કેમ કહેવાય ? સમજાય છે કાંઈ ? આ બધું લૉજિકથી સમજવું પડશે ભાઈ ! ૬૯.

❀ દરેક આત્મા ભગવાન સ્વરૂપ છે, પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ચૈતન્ય રસકંદ છે. આહાહા ! અત્યારે ચોમાસામાં તો લીલોતરી ઘાસ ઢગલાબંધ થયા છે, તેના ઉપર વિના કારણ પગ દઈને કચરીને ચાલવું તે ન હોય હો ભાઈ ! એ એક ઝીણી કટકીમાં અસંખ્યાત જીવો છે તે બધાય ભગવાન સ્વરૂપ છે. ૭૦.

❀ નામધારી-જૈનને પણ રાત્રિના ખોરાક ન ખવાય. રાત્રિના ઝીણી જીવાંતો ખોરાકમાં આવી જાય છે તેથી ખોરાકમાં માંસનો દોષ ગણાય છે, માટે નામધારી-જૈનને પણ રાત્રે ખોરાક ન ખવાય. અથાણામાં પણ ત્રસ જીવ થઈ જાય છે, એ પણ જૈનને ન હોય. જેમાં ત્રસ જીવો ઉત્પન્ન થઈ જાય એવો ખોરાક જ જૈનને હોય નહિ.

...અહીં તત્ત્વની બહુ ઊંચી વાત આવી એટલે હેઠલી વાતનું કાંઈ નહિ એમ ન હોય. પોતાને અંદરથી ઊગવું જોઈએ. કોઈ કહે એટલે નહિ પણ પોતાને દરકાર જોઈએ. જેને ભવિષ્યનું નક્કી નથી તેને તો ત્રાસ થઈ જવો જોઈએ કે અરે ! ભવિષ્યમાં હું ક્યાં જઈશ ! પોતાનું હિત કરવું હોય તેણે ખ્યાલ રાખવો જોઈએ. ૭૧.

❀ જેમ કંદોઈને ત્યાં ચૂલામાં ઊંચેથી તેલના ઉકળતાં કડાયામાં પડેલો સર્પ અર્ધો તો બળી ગયો પણ તે બળતરાથી બચવા માટે ચૂલામાં ઘુસી જતાં આખો બળી ગયો, તેમ જગતજીવો પુણ્ય-પાપમાં તો બળી જ રહ્યા છે અને તેમાં એ વિશેષ સુખની લાલસામાં જેમાં વિશેષ બળાય છે એવા વિષયોમાં ઝંપલાવી સુખ માને છે. ૭૨.

❀ નરકમાં નારકીને પોટલાની જેમ શરીરની ગાંસડી વાળીને બીજા નારકીઓ શરીરની સોંસરવટ ખીલા નાખે એ ક્ષણે પણ જીવ સમકિત પામે છે, વિવેક વડે ભેદજ્ઞાન પામે છે અને અહીં બધી અનુકૂળતા હોય છતાં પરથી જુદા પડવાનો અવસર તને મળતો નથી ! ૭૩. *(અનુસંધાન માટે જુઓ પાનું-૨૩)*

# દીપાવલી અને મંગળ સુપ્રભાતે

## ગુરુ-આજ્ઞા : પરમાનંદસ્વરૂપ પરમાત્માને જાણ !

મહાવીર ભગવાનને તેરમે ગુણસ્થાને પૂર્ણ આનંદ હતો પણ આજના દિને અવ્યાબાધ આનંદ પ્રાપ્ત થયો. તેમણે પોતાની પર્યાયમાં અવ્યાબાધ આનંદ પ્રગટ કર્યો. અનાદિની સંસારદશા હતી તેનો ત્યાં અંત આવ્યો અને અનંતકાળ રહેવાની છે એવી સિદ્ધની પર્યાય ભગવાન મહાવીરને આજના દિવસે પ્રગટ થઈ.

સમ્યગ્દર્શન એ સુપ્રભાત છે. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિને સુપ્રભાત કહ્યું છે. અતીન્દ્રિય આનંદના ધ્રુવ પ્રવાહને રાગ રહિત અતીન્દ્રિય આનંદના સ્વાદપૂર્વક જાણવો તે ખરું સુપ્રભાત છે.

*(દીપાવલી તથા નૂતનવર્ષના દિને શ્રી પરમાત્મપ્રકાશના પ્રવચનમાંથી)*

મહાવીર ભગવાનને આજે ચૌદમે ગુણસ્થાને મોક્ષમાર્ગની પર્યાયની પૂર્ણતા થઈ, મોક્ષમાર્ગનો વ્યય થયો ને મોક્ષનો ઉત્પાદ થયો. ખરેખર તો મોક્ષના ઉત્પાદનો જન્મક્ષણ હતો. જેમ માટીમાંથી ઘડો ઉત્પન્ન થવાનો જન્મક્ષણ હોય છે તેમાં કુંભાર નિમિત્ત હોય છે, તેમ મહાવીર ભગવાને પૂર્ણ પર્યાય પ્રગટ કરી તેમાં કાળ આદિ નિમિત્ત હતા.

ખરેખર તો મોક્ષની પર્યાય પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે. વિકારી પર્યાય પણ પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, કેમ કે દ્રવ્ય-ગુણમાં વિકાર નથી છતાં વિકાર થાય છે તે પર્યાય પોતાની સ્વતંત્રતા જાહેર કરે છે અને તે સ્વતંત્રતાની જાહેરાતનું તાત્પર્ય વીતરાગતા છે અને તે વીતરાગતા, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે થાય છે. સમ્યગ્દર્શનની પર્યાયનો તે કાળે જન્મક્ષણ છે, તે પોતાના ષટ્કારકથી થાય છે, તેને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આજે ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા ત્યારે મોક્ષ-પર્યાયનો ઉત્પત્તિનો કાળ હતો, તેને મોક્ષમાર્ગને લઈને થઈ તેમ કહેવું તે વ્યવહાર છે. કેમ કે મોક્ષમાર્ગનો વ્યય થાય છે, વ્યય તે કારણ કેમ હોય ? ઉત્પાદનું કારણ ઉત્પાદ પોતે છે.

ભગવાનને કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ સ્વરૂપ સુપ્રભાત પ્રગટે છે. અને સમ્યગ્દર્શન એ પણ સુપ્રભાત છે. ચૈતન્યનો પ્રકાશ પ્રગટે તે ચૈતન્યસુપ્રભાત છે. સૂર્યનો પ્રકાશ

પ્રગટે—સૂર્યોદય થાય તે પ્રકાશ તો અચેતન છે. ચંદ્ર-સૂર્ય આદિનો પ્રકાશ અજ્ઞાન સ્વરૂપ છે, તેમાં જ્ઞાન નથી. ભગવાનને ભામંડળ હોય છે તેના પ્રકાશ આગળ ચંદ્ર-સૂર્યના પ્રકાશ કાંઈ નથી. ભામંડળનો તે પ્રકાશ પણ અજ્ઞાન છે, માટે અંધકાર છે. રાગ છે તે પણ અંધકાર છે, તેમાં આત્માનું કિરણ નથી. તેનાથી ચૈતન્યપ્રકાશ ભિન્ન છે. આત્મા જ્ઞાનપ્રકાશમય છે. જ્ઞાનપ્રકાશમય આત્મા રાગ-અંધકારથી નહીં દેખાય, તેને જ્ઞાનપ્રકાશથી જો તો દેખાશે.

હવે અહીં (પરમાત્મપ્રકાશની બીજા અધિકારની ૧૮મી ગાથામાં) પરમાનંદની પ્રાપ્તિનો ઉપાય સમજાવતાં કહે છે કે ભગવાન આત્મા અમૂર્તિક છે, સ્પર્શાદિથી રહિત વસ્તુ છે, લોકાલોકને જાણવાની શક્તિવાળું આત્મતત્ત્વ છે. લોકાલોકને કરે તેવું નથી પણ લોકાલોકને જાણે તેવી કેવળજ્ઞાન શક્તિ આત્મામાં છે. લોકાલોકને જાણે એવું જ્ઞાનરત્ન, એવા એવા અનંતા ગુણના રત્નોનો ભંડાર આત્મા છે પણ અજ્ઞાની શરીર ને બાહ્ય પદાર્થના મહિમામાં રોકાઈ જાય છે, પુણ્ય-પાપમાં રોકાઈ જાય છે. બહુ તો ૧૧ અંગનું જ્ઞાન થાય તો તેમાં રોકાઈ જાય—તેના ઉઘાડમાં અટવાઈ જાય છે પણ જ્ઞાનસ્વભાવ, અતીન્દ્રિય આનંદસ્વભાવ, તેની તેને ખબર નથી.

કેવળજ્ઞાનની પર્યાય એક સમયની છે તેમાં લોકાલોકને જાણવાની તાકાત છે. એવા તો અનંતા લોકાલોકને જાણી શકે એટલી અપાર શક્તિ એક સમયની પર્યાયમાં છે. એવી અનંતી પર્યાય જ્ઞાનગુણમાં પડી છે, એવો જ્ઞાનમય પરમાત્મા છે—એમ નજરમાં તો લે !

અનંત રત્નોનો ભંડાર આત્મા છે. પ્રભુ ! આવા અનંત રત્નોનું જીવન તે તું છો, પણ તેના અનાદર વડે તેં તારું જીવન રોળી નાખ્યું છે. પર્યાયને પરમાં વાળી છે તેને એકવાર અંદરમાં વાળ. તારી પર્યાયે પરની કિંમત કરી છે તો એકવાર તારી પર્યાયમાં તારી કિંમત તો કર !

તારો સ્વભાવ પરમાનંદ સ્વરૂપ જ છે, ધ્રુવ સત્ છે પણ રાગના પ્રેમમાં પરમાનંદ સ્વરૂપને ઠોકર લાગે છે. દયા-દાનના રાગની કિંમત કરતાં ચૈતન્યને ઠોકર લાગે છે, માટે રાગની કિંમત છોડીને ચૈતન્યની કિંમત કર, હવે એકવાર તારી આ ચીજનો આદર કર. ૧૧ અંગનું જ્ઞાન થાય તે પણ તારી વસ્તુ નથી તો બહારની કઈ ચીજ તારી હોય ? તારી પર્યાયમાં તેં પરની કિંમત કરી પણ પર્યાય જેની છે તેની કિંમત તેં કરી નથી.

વીતરાગી પરમાનંદ એકરૂપ સ્વભાવ છે પણ શુભભાવમાં તું વળ્યો, તેનાથી કાંઈ દિ' વળ્યો નહીં અને જેમાં વળવાનું છે ત્યાં વળ્યો નહીં. ભગવાન આત્મા વીતરાગી

પરમાનંદ એકરૂપ અતીન્દ્રિયસુખસ્વરૂપ અમૃતરસને વીતરાગભાવથી પરિણત થઈને જાણ.

અમૃતના આનંદના સ્વાદ વડે પરમાનંદને જાણે તેને અતીન્દ્રિય આનંદમય આત્મા જણાય છે. કઈ રીતે જાણવો?—કે વીતરાગી અમૃતના આસ્વાદ વડે જાણવો. માત્ર ક્ષયોપશમ વડે જાણ્યું તે જાણ્યું નથી, તેને તો માત્ર વાત જાણવામાં આવી છે, અનુભવમાં આવી નથી. વ્યવહારથી જણાય છે તેમ ન કહ્યું, જ્ઞાનના ઉઘાડથી–ધારણાથી જણાય છે તેમ ન કહ્યું પણ આસ્વાદ વડે જાણ તેમ કહ્યું છે. પરમાનંદ સ્વરૂપની સન્મુખ થઈને વીતરાગી અમૃતાનંદના સ્વાદ વડે જાણ, વીતરાગી પરિણતિ દ્વારા જાણ.

જ્ઞાનમય વસ્તુને સમ્યગ્જ્ઞાનના પરિણામ વડે જાણ. અતીન્દ્રિય આનંદમય વસ્તુને સુખના સ્વાદથી જાણ. વીતરાગી વસ્તુને વીતરાગી સમરસી પરિણતિથી જાણ. ભગવાન જ્ઞાનમય છે તે જણાય શી રીતે?—કે સમ્યગ્જ્ઞાનની પરિણતિ વડે; ભગવાન પરમાનંદ સ્વરૂપ છે તે જણાય શી રીતે?—કે આનંદના આસ્વાદ વડે; ભગવાન વીતરાગ સ્વરૂપ છે તે જણાય કઈ રીતે?—કે વીતરાગી સમરસી ભાવ વડે.

ભગવાન આત્મા જ્ઞાનમય છે, કેવળ જ્ઞાનમય એટલે કે એકલા જ્ઞાનમય છે, ત્રિકાળી જ્ઞાનમય છે. તે કેવળજ્ઞાનથી પૂર્ણ છે. લોકાલોકને જાણે એવો જ એનો સ્વભાવ છે. વર્તમાનમાં પર્યાયમાં કેવળજ્ઞાન નથી તેની અહીં વાત નથી. લોકાલોકને જાણે ને આગળ-પાછળની પર્યાયને ન જાણે એમ ન બને, ત્રણેકાળનું બધું જ જાણે એવો જ એનો સ્વભાવ છે. જે ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી તેનું કેવળજ્ઞાનમાં જ્ઞાન આવે છે. જેમ લોટના પિંડમાંથી રોટલી થશે તે આગળથી જાણી શકાય છે, રોટલી નથી છતાં જાણી શકાય છે, તેમ ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી છતાં કેવળજ્ઞાનમાં જાણી શકાય એવી કેવળજ્ઞાનની શક્તિ છે અને એવો જ્ઞાનમય આત્મા છે તેને જાણ. લોકાલોકને જાણવાના સ્વભાવરૂપ જ્ઞાનમય આત્માને જાણ.

યોગીન્દ્રદેવ પ્રચુર આનંદની ભૂમિકામાં બેઠેલા છે તે એમ કહે છે કે હે મુનિ! મૂર્તપણા રહિત જ્ઞાનમય પરમાનંદરૂપ આત્માને જાણ. કેવી રીતે જાણવો?—કે પરમાનંદરૂપ પરિણમનથી જાણવો. વસ્તુ વીતરાગ સ્વરૂપ છે તેને વીતરાગ ભાવથી જાણ, વીતરાગ ભાવની પરિણતિ દ્વારા તેને જાણ. વીતરાગ ભાવરૂપી પરિણમનથી વીતરાગભાવને જાણ. પરમાનંદ સ્વરૂપી પરિણમનથી પરમાનંદ ભાવને જાણ. વસ્તુની આ સ્થિતિ છે.

પરિપૂર્ણ વસ્તુ છે તે સમ્યગ્દર્શનની પ્રતીતિમાં આવી શ્રદ્ધાય છે. રાગથી રહિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની પરિણતિમાં પરિપૂર્ણ આત્મા શ્રદ્ધાય છે. વીતરાગ પરિણતિ દ્વારા વીતરાગ સ્વરૂપને જાણ. પરમાનંદ સ્વરૂપને પરમાનંદની પરિણતિ દ્વારા આનંદના સ્વાદ

દ્વારા જાણ. વસ્તુ ત્રિકાળી એકરૂપ છે તેને એકરૂપ પરિણતિ દ્વારા જાણ. એકરૂપ વસ્તુ અનેકપણાથી—ભેદથી નહીં જણાય. પરમાનંદ જ્ઞાનમય મૂર્ત એકરૂપ વસ્તુને વીતરાગ પરિણતિ દ્વારા, આનંદની પરિણતિ દ્વારા, જ્ઞાનની પરિણતિ દ્વારા એકરૂપ આસ્વાદથી જાણ. બીજી રીતે કહીયે તો નિમિત્તથી કે રાગથી જણાય તેવો નથી, તેને જાણવા માટે રાગની કે વ્યવહારની અપેક્ષા નથી તેને જાણવા માટે નિર્મળ પર્યાયની જરૂર છે.

વસ્તુ અતીન્દ્રિય છે તેથી અતીન્દ્રિય સુખના સ્વાદથી જણાય તેવી છે. પરમાનંદ પરિણતિ દ્વારા અમૂર્ત જ્ઞાનમય વસ્તુને જાણ. રાગ તો વિષનો સ્વાદ છે, તેનાથી અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન કેમ જણાય? ભગવાન ઈન્દ્રિયથી જણાય તેવો નથી, અતીન્દ્રિય છે એટલે કે અતીન્દ્રિય પરિણતિથી જણાય તેવો છે. આબાળ-ગોપાળ સૌને જણાય તેવો છે. પર્યાયનું લક્ષ છોડી દે. સૌ આત્માઓ આત્માપણે સાધર્મી જ છે કોઈ વિરોધી નથી. દ્રવ્યનો સ્વભાવ જ વીતરાગભાવ છે. એવો સ્વભાવ જાણે તેને વેર-વિરોધ કેમ હોય ?

આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ છે, ત્યાં જ્ઞાનનું અસ્તિત્વ પોતાને લઈને છે, અસ્તિત્વને લઈને નથી. એક ગુણમાં અનંતાગુણનું રૂપ છે. એક ગુણમાં બીજો ગુણ નથી, એક ગુણ બીજા ગુણને લીધે નથી, પણ એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે. એક-એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે ને એવા અનંતા ગુણવાળો આત્મા છે.

વીતરાગભાવસ્વરૂપ આત્મા છે તે વીતરાગભાવથી પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેના પ્રેમનો પણ જેમાં અવકાશ નથી. બહારનું બધું ભૂલી જા. શરીર—વાણી—મનને ભૂલી જા, રાગને ભૂલી જા, એક સમયની પર્યાયને પણ ભૂલી જા. આકાશના અનંતા પ્રદેશ કરતાં પણ અનંતગુણા ગુણો આત્મામાં છે અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે અને એક એક ગુણની પર્યાયમાં ષટ્કારકો છે—આવો ભગવાન આત્મા છે. ત્રણ લોકનો નાથ છે પણ કોડી કોડી માટે ભીખારી થઈને ફરે છે.

આવી વાત સાંભળવા મળે તે પણ ભાગ્યશાળી છે. પૈસાવાળા કે આબરૂવાળા ભાગ્યશાળી નથી પણ આવી વાત કાને પડે તે ભાગ્યશાળી છે.

મૂર્ત રહિત જ્ઞાનમય પરમાનંદ એકરૂપ સ્વભાવી આત્માને આવી રીતે જાણ. તેનો અર્થ એ કે નિમિત્તથી કે રાગથી નિર્મળ પરિણતિ થતી નથી ને નિર્મળ પરિણતિ વિના આત્મા જણાતો નથી. આનંદની પરિણતિના આસ્વાદ દ્વારા આત્માને જાણ. સ્વભાવ પ્રત્યક્ષ થાય એવું તારું સ્વરૂપ છે, પરોક્ષ રહે કે નિમિત્તથી જણાય એવું તારું સ્વરૂપ નથી.

મિથ્યાત્વ રાગાદિભાવ તે અંજન—મેલ છે. બહારના આકર્ષણમાં રુચિનો ભાવ પડ્યો છે તે બધો મિથ્યાત્વ ભાવ છે, મેલ છે. તેનાથી રહિત આત્મા નિરંજન છે, તેને નિરંજન પરિણતિથી જાણ. એ રીતે જાણે ત્યારે સુપ્રભાત પ્રગટ્યું કહેવાય. રાગાદિ ને મિથ્યાત્વથી રહિત નિરંજન દશા દ્વારા નિરંજન ભગવાનને જાણ. એવા આત્માને સારી રીતે જાણ. સારી રીતે ક્યારે જાણ્યો કહેવાય કે નિર્મળ પરિણતિ દ્વારા જાણે ત્યારે.

આત્મા સર્વ પદાર્થમાં ઉત્કૃષ્ટ છે માટે તેને ઉપાદેય બનાવ, એ સિવાય સર્વે હેય છે. દૃષ્ટિનો વિષય એવો આત્મા ઉપાદેય છે, પણ એ દૃષ્ટિની પર્યાયનું પણ લક્ષ કરે તો આત્મા હેય થઈ જાય છે. આત્માની દૃષ્ટિ કરતી પર્યાયને ઉપાદેય કરે તો આત્મા હેય થઇ જાય છે. ત્યાં રાગને—વ્યવહારને ઉપાદેય માનવો તે વાત ક્યાં રહી ?

અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ પ્રગટ થાય તોપણ ખૂટે એમ નથી એવો જે ભગવાન આત્મા તેને મિથ્યાત્વ રહિત સમ્યક્ દૃષ્ટિથી ઉપાદેય કરવો તેનું નામ સુપ્રભાત છે. તેનું નામ નવું વર્ષ છે. ભગવાન આત્માને સમ્યગ્દૃષ્ટિથી ઉપાદેય કરવો તેનું નામ આત્માની સાથે સાદિ અનંત કાળ રહેવા માટે સગાઇ કરીને આત્માના ગુણોના પરિવાર સાથે સંબંધ જોડ્યો છે.

જેણે ભગવાન આત્માને સમ્યગ્દર્શનથી પ્રતીતમાં લીધો તેને સુપ્રભાત પ્રગટ્યું છે. જેમ બીજ ઊગી છે તે પૂર્ણિમા થઈને રહેશે તેમ જેને સુપ્રભાત પ્રગટ્યું છે તેને કેવળજ્ઞાન થઇને જ રહેશે, તેને કેવળજ્ઞાનમાં કોઇ વિઘ્ન હોઇ શકે નહીં. વસ્તુ નિરંજન નિરાકાર તેને નિરંજન પરિણતિ દ્વારા પ્રગટ કર્યો તેને સુપ્રભાત પ્રગટ્યું છે, તેને કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ પ્રગટ થઇને રહેશે. ભગવાન આત્માની પ્રતીત કરતાં આત્માના અસંખ્યાત પ્રદેશે આનંદના અંકુર ફૂટી નીકળે છે.

*

(અણમૂલાં રત્નો......પેઈજ-૧૮ થી ચાલુ)

❀ વર્તમાનમાં એક જરાક પ્રતિકૂળતા આવે તો ઈ એનાથી સહન થતી નથી, છતાં ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવશે તેની દરકાર નથી. ૭૪.

❀ દેહ તો રોગની મૂર્તિ છે, ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. મૃતક દેહમાં ભગવાન અમૃતનો સાગર મૂર્છાણો છે. ભાઈ ! એકવાર તું તને જો, બીજાને જોવામાં અંધ થઈ જા અને તને જોવામાં હજાર આંખોથી તને જો. ૭૫.

* * *

## સુવર્ણપુરી સમાચાર :—

### ❋ મહાવીર-નિર્વાણ-મહોત્સવ ❋

શ્રી મહાવીર-નિર્વાણનો પંચાહ્નિક વાર્ષિક મંગલ ઉત્સવ (દીપાવલીનો મંગલ અવસર) તા. ૮-૧૧-૨૦૦૪, સોમવારથી તા. ૧૨-૧૧-૨૦૦૪, શુક્રવાર—પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક મંડલવિધાનપૂજા' તથા અધ્યાત્મજ્ઞાનોપાસનાપૂર્વક સાનંદોલ્લાસ 'શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં ઉજવવામાં આવશે. અને નૂતન વર્ષનો 'સુપ્રભાત-દિન' તા. ૧૩-૧૧-૨૦૦૪, શનિવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું સુપ્રભાત પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા :— કારતક સુદી-૮, શુક્રવાર, તા. ૧૯-૧૧-૨૦૦૪ થી કારતક સુદી ૧૫, શુક્રવાર તા. ૨૬-૧૧-૨૦૦૪—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસ સહિત ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

જેતપુરનિવાસી (હાલ-બેંગલોર) શ્રી દયાબેન શાંતિલાલ વનમાળીદાસ શેઠ (વર્ષ-૮૭) તા. ૧૦-૯-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠીનિવાસી (હાલ-સોનગઢ) શ્રી પ્રેમચંદભાઈ કાનજીભાઈ શાહ (વર્ષ-૮૦) તા. ૫-૧૦-૨૦૦૪ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને લાભ લેતા હતા.

વઢવાણનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી ગજરાબેન મંગળદાસ શીવલાલ સંઘવી (વર્ષ-૮૧) તા. ૧૦-૧૦-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

દાહોદનિવાસી (હાલ-મુંબઈ) શ્રી સુરેન્દ્રભાઈ કસ્તુરચંદ તલાટી (વર્ષ-૮૪) તા. ૨૫-૧૦-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી મંજુલાબેન શાંતિલાલ ઠાકરશી મોદી (વર્ષ-૬૫) તા. ૨૯-૧૦-૨૦૦૪ના રોજ ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા પંદર વર્ષથી સોનગઢ સ્થાયી રહીને લાભ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. ❋

## ✻ જામનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ ✻

જિનેન્દ્ર-અધ્યાત્મમાર્ગપ્રકાશક પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપથી ગુજરાત પ્રાન્તના સૌરાષ્ટ્રપ્રદેશની પ્રમુખનગરી જામનગરમાં નવનિર્માપિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરની પંચકલ્યાણકપ્રતિષ્ઠાનું મંગલ આયોજન વિ. સં. ૨૦૬૧, પોષ વદ-૧૨, રવિવાર, તા. ૬-૨-૨૦૦૫ થી માઘ સુદ-૫, રવિવાર, તા. ૧૩-૨-૨૦૦૫—આઠ દિવસનું નિશ્ચિત કરવામાં આવ્યું છે.

* * *

પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે અધ્યાત્મતીર્થ સોનગઢમાં પંચદિવસીય

## ✻ ધાર્મિક કાર્યક્રમ ✻

ભગવાન મહાવીર-કુંદકુંદ-અધ્યાત્મમાર્ગોદ્યોતક આપણા પરમ તારણહાર પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સમાધિનો ચોવીસમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૬૧, કારતક વદ ૭, શનિવાર, તા. ૮-૧૨-૨૦૦૪ના દિવસે છે. ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૩૦-૧૧-૨૦૦૪, મંગળવારથી તા. ૪-૧૨-૨૦૦૪, શનિવાર (કારતક વદ ૭)—પાંચ દિવસ સુધી અધ્યાત્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્ત્યુપાસનાપ્રધાન 'ધાર્મિક કાર્યક્રમ' શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તથા ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ટેપપ્રવચન, વિડીયો દ્વારા ગુરુદર્શન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડીયો-ધર્મચર્ચા, વિદ્વત્શાસ્ત્ર પ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ---રાખવામાં આવ્યો છે.

અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય તથા ગુરુભક્તિનો લાભ લેવા માટે આ 'ધાર્મિક કાર્યક્રમ'ના સમયે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવા સહૃદય આમંત્રણ છે.

* * *

## આખો દિવસ સમ્યક્ત્વ માટેનો જ અભ્યાસ કર

(સમ્યક્ માટેનો અભ્યાસ ક્યાં સુધી કરવાનો ?)....ક્યાં સુધી કરવાનું શું ? આનું આ જ કરવાનું છે, બીજું કરવાનું જ શું છે ? આ જ કરવાનું છે. રાતના વખત મળે, સવારના વખત મળે તેમાં ધારણામાં દૃઢતા થઈ હોય એટલે ઘોલન ચાલ્યા જ કરે. આખો દિવસ આનું આ જ કરવાનું છે. નિવૃત્તિ જ છે ને ! બીજું શું કરવાનું છે ? —*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

❀ ❀ ❀ ❀ ❀

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662